


# આહ્વાન

A MONTHLY BULLETIN OF SHAHPUR METHODIST CHURCH



Address : Bahai Center, Shahpur, Ahmedabad 380 001.

Email :rev.arvindkhristi@gmail.com
Visit us at : www.shahpurmethodistchurch.com

Pastor : Rev. Arvind R. Khristi
Ph. : 079-25503545 (M) 9913070647



વર્ષ - ૪૫ | નવેમ્બર - ૨૦૧૮ | પત્ર - ૭૧


## આભાર - સ્તુતિ

નવેમ્બર ૨૫' ૨૦૧૮ એ આભાર-સ્તુતિ (Thanks giving Sunday છે. આ અનુસંધાનમાં આપણે વિચાર કરીએ. ઘણી વખત પ્રભુ સાથેના સંબંધમાં વ્યવહારમાં આપણે આપણી મુશ્કેલ અને નાજુક પરિસ્થિતિઓમાં પ્રભુ કેમ પ્રાર્થના સાંભળી અને સહાય કરતા નથી આપણે સર્વ આવા વિચારમાંથી પસાર થતાં હોઈએ છીએ.

એક વખત એક સભ્ય મુશ્કેલ પરિસ્થિતિમાં હતા. તેમના પાળક સાથે વાત કરતા હતા કે પ્રભુ કેમ પ્રાર્થના સાંભળતા નથી. પાળક થોડો સમય વિચાર કરી અને તે સભ્યને કહે છે કે અત્યાર સુધીમાં પ્રભુએ તમારી સાંભળેલી પ્રાર્થના અને નહિ સાંભળેલી પ્રાર્થનાની યાદી બનાવી અને તેમાં શું પરિણામ આવે છે તે જણાવો. પ્રશ્ન પુછનાર સભ્ય થોડો સમય વિચાર કરે છે અને અશ્રુભીની આંખે તથા ગળગળતા અવાજે ખૂબજ ભાવિક બનીને જણાવે છે કે પ્રભુએ સાંભળેલી પ્રાર્થના અને કરેલી સહાયનું પલ્લું ભારે છે.

વ્હાલાઓ આપણે આ વર્ષના અંત ભાગમાં જઈ રહ્યા છીએ ત્યારે આપણા પસાર થઈ ગયેલા સમય તરફ દૃષ્ટિ કરીશું તો પ્રભુએ અનેક આશીર્વાદો આપણ સર્વને આપ્યા છે. સહાય અને મદદ કરી છે તે યાદ કરતાં ખરા હૃદયથી આભાર-સ્તુતિ કરીએ અને ગી.શા. ૫૦:૨૩ પ્રમાણે દેવનો મહિમાં પ્રગટ કરીએ. ગીતશાસ્ત્ર ૧૦૩:૨ પ્રમાણે પ્રભુના ઉપકારોને ભુલી જઈએ નહિ પણ યાદ કરીને આભાર-સ્તુતિ કરીએ.

પ્રભુની આપણા ઉપરની અસીમ કૃપા, દયા, સંભાળ, કાળજી, સહાય, સાજાપણું, દોરવણી અને આપણને ટકાવી નીભાવી રાખે છે તે સર્વ યાદ કરી આભાર-સ્તુતિ કરીએ.

## પાળક દ્વારા મળેલ બર્થડે અને આભાર સ્તુતિના દાન

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી અભીંભાઈએ. પેટ્રીક | આ.સ્તુતિ | ૫૦૦/- |
| ૨. | શ્રી નેવિલ નલિન ક્રિશ્ચિયન | શબપેટી | ૫૦૦/- |
| ૩. | શ્રી ફિલિપભાઈ એમ.ક્રિશ્ચિયન | આ.સ્તુતિ | ૫૦૦/- |
| ૪. | ચિ.તેજસ્વી આર. ફ્રાન્સિસ | બર્થ ડે | ૨૦૦/- |
| ૫. | શ્રીમતી મૃગલોચના એસ. સોલોમન | આ.સ્તુતિ | ૧૦૦/- |
| ૬. | શ્રી નિલય એમ. ચૌહાણ | આ.સ્તુતિ | ૧૦,૦૦૦/- |
| | પ્રભુએ ટ્વીન્સ દિકરો-દિકરીનું દાન આપ્યું. | | |
| ૭. | શ્રીમતી કલ્પનાબેન વી. ક્રિસ્ટી | આ.સ્તુતિ | ૧૦૦૦/- |
| ૮. | શ્રી એન્થની એસ. ઈમાનુએલ | આ.સ્તુતિ | ૫૦૦/- |
| ૯. | શ્રી જીમ્મી એસ. ડેવિડ | આ.સ્તુતિ | ૫૦૦/- |
| ૧૦. | ચિ. આર્નોન ટી.મેકવાન | બર્થ ડે | ૫૦૦/- |
| ૧૧. | શ્રીમતી પ્રતિમાબેન એ.માસ્ટર | બર્થ ડે | ૫૦૦/- |
| ૧૨. | શ્રીમતી ઉર્મિલાબેન આર.સોલંકી | આ.સ્તુતિ | ૫૦૦/- |
| ૧૩. | ચિ. એલેક્ષ એન.ક્રિસ્ટી | બર્થ ડે | ૧૦૦/- |
| ૧૪. | શ્રીમતી નેન્સીબેન એ. મહિડા | બર્થ ડે | ૨૦૦/- |
| ૧૫. | શ્રી ઈયાન એ. મહિડા | આ.સ્તુતિ | ૩૦૦/- |
| | યુ.એસ.એ. જઈ પરત આવતા. | | |
| ૧૬. | શ્રીમતી સ્મિતલતા આર. ક્રિશ્ચિયન | બર્થ ડે | ૫૦૦/- |
| ૧૭. | શ્રી રશ્મિકાંતભાઈ પી. મહિડા | આ.સ્તુતિ | ૫૦૦/- |
| ૧૮. | શ્રી પ્રાર્થન એસ. મેકવાન | બર્થ ડે | ૫૦૦/- |
| ૧૯. | શ્રીમતી શર્મિલાબેન એસ. અર્લીક | બર્થ ડે | ૨૦૦/- |
| ૨૦. | શ્રીમતી માર્ટીના ટી. વાઘેલા | બર્થ ડે | ૨૦૦/- |

## ઓક્ટોબર માસ તરફ એક નજર

- તા. ૦૨-૧૦-૨૦૧૮ના રોજ બિશપ એન.એલ. કરકરે સાહેબના માર્ગદર્શન હેઠળ જી.આર.સી. લે-એક્ટીવીટી બોર્ડ દ્વારા 'લે-ઉપદેશકો' માટે સેમીનારનું આયોજન એલીમ મેથોડિસ્ટ ચર્ચ, નડિયાદમાં કરવામાં આવ્યું હતું. જેમાં સ્થાનિક ચર્ચ સભ્ય આગેવાનો સાથે હાજરી આપી. આ સેમીનારમાં બિશપ એન.એલ.કરકરે સાહેબે, રેવ. પ્રદિપ પી. અહાલે સાહેબ તથા બ્રધર હિરેન રાણા સાહેબે વચનની સેવા મુદ્રાલેખ આધારે આપી. કૉન્ફરન્સ લે- લીડર શ્રી આલાપ માસ્ટરે સંચાલન કર્યું હતું. સેમીનાર ખૂબ આશીર્વાદિત રહ્યો હતો.
- તા. ૦૭-૧૦-૨૦૧૮ રવિવારની ભજનસેવામાં વિશ્વપ્રભુભોજન નિમિત્તે પ્રભુભોજન પળાવવામાં આવ્યું. આ સાથે ''પાળક પ્રશંશાદિન'' નિમિત્તે સ્થાનિક ચર્ચ તરફથી આગેવાનો દ્વારા પાળકને ઉત્તેજનદાયક શબ્દો, બુકે અને પ્રેમભેટ આપી ઉત્તેજન આપવામાં આવ્યું હતું. હૃદયથી પુષ્કળ આભાર. ● ભજનસેવા બાદ પાસ્ટરેટ કમિટિ મળી.
- તા. ૮-૧૦-૨૦૧૮ થી તા. ૧૨-૧૦-૨૦૧૮ દરમ્યાન લે-સપ્તાહની મીટીંગો જુદા જુદા વિસ્તારમાં કરવામાં આવી. જેમાં ચર્ચનાં સભ્યો, જે તે વિસ્તારના સભ્યો, કુટુંબો, કારભારી, તરફથી સહકાર અને હાજરી આપવામાં આવ્યા. મુદ્રાલેખ આધારે વચનની સેવા આપવામાં આવી. જે વિસ્તારમાં જેમના ઘરે મીટીંગ રાખવામાં આવી. તેઓ તરફથી ચ્હા-નાસ્તાની આઈસ્ક્રીમની વ્યવસ્થા કરવામાં આવી. જે સર્વનો પુષ્કળ આભાર લે. એક્ટીવીટી પ્રમુખ શ્રી સેમ્યુલભાઈ એમ. ડેવિડ સભ્યોનો પુષ્કળ આભાર આ મીટીંગોમાં પુષ્કળ આશીર્વાદિત રહી હતી.

આ મીટીંગો અગાઉના બુલેટીનમાં ઓકટોબરના કાર્યક્રમમાં જણાવેલ વિસ્તાર અને નામ પ્રમાણે રાખવામાં આવી હતી.

- તા. ૧૪-૧૦-૧૮ રવિવારની ભજનસેવામાં લે-મેન સન્ડેની ઉજવણી કરવામાં આવી. જેમાં બ્રધર હિરેન રાણા સાહેબે વચનની સેવા આપી હતી. ભજનસેવા બાદ મેથોડિસ્ટ મિશનેરી મુવમેન્ટના ડાયરેકટર રેવ. સ્મિતાબેન રોઝીયા સાહેબ દ્વારા સ્થાનિક ચર્ચમાં મિશનેરી કાર્યના કારભારી અને દાતાઓની સંગત રાખવામાં આવી હતી. જેમાં પ્રોજેક્ટર દ્વારા મિશનેરી કાર્યની સમજ આપવામાં આવી હતી. સ્થાનિકત ચર્ચની પાસ્ટોરેટ કમિટિને પણ આમંત્રણ આપવામાં આવ્યું હતું. આ સંગતમાં બપોરના ભોજનની વ્યવસ્થા શ્રી/શ્રીમતી આર્થરભાઈ પેટ્રીક-લીનાબેન પેટ્રીક પરિવાર તરફથી આપવામાં આવી હતી. આભાર. મિશનેરી કારભારી તરીકે સેવા આપતા શ્રીમતી કમળબેન કે. સોલંકીને મેથોડિસ્ટ મિશનેરી મુવમેન્ટ તરફથી બુકે આપી કદર કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ફુલો-બુકે શ્રી ઓનીલભાઈ એ. ગામડીઆ તરફથી આપવામાં આવ્યા હતા. આભાર.

  આ કાર્યક્રમમાં સ્થાનિક પાળક રેવ. અરવિંદ ખ્રિસ્તીએ ટુંકા મનનમાં દોર્યા હતા.
- તા. ૧૭-૧૦-૨૦૧૮ સ્થાનિક સન્ડે-સ્કુલની પીકનીકનું આયોજન સફારી પોલો ફોરેસ્ટ, બાકોર સ્થળે કરવામાં આવ્યું હતું. સન્ડેસ્કુલ સુપ્રિ. શ્રીમતી અરૂણાબેન એસ. ગામડીઆ - શિક્ષકોએ સહકારમાં કાર્ય કર્યું. સ્થાનિક કમિટિ - મંડળીએ સહકાર આપ્યો. સર્વનો આભાર. આ પીકનીકમાં બાળકોએ પુષ્કળ આનંદ કર્યો હતો.
- તા. ૧૮-૧૦-૨૦૧૮ અમદાવાદ ડિસ્ટ્રીકટ વેસ્ટ દ્વારા મિશનેરી અવેરનેસ સેમીનારનું આયોજન મેથોડિસ્ટ ચર્ચ, ગાંધીનગરમાં કર્યું હતું. જેમાં સ્થાનિક સભ્ય આગેવાનો સાથે હાજરી આપી. આ સેમીનારમાં ડિ.સુ. રેવ. વિજય મેકવાન સાહેબે વચન અને મિશનેરી કાર્ય સંબંધી સમજમાં દોર્યો અને ડાયરેકટર રેવ. સ્મિતાબેન રોઝીયા સાહેબે  હાજર મિશનેરીઓની સાક્ષીઓ સહિત મિશનેરી કાર્ય વિશેની ઝાંખી કરાવી.
- તા. ૨૧-૧૦-૨૦૧૮ રવિવારની ભજનસેવા - હોમ મિશન સન્ડે તરીકે ઉજવવામાં આવી. જેમાં વચન સાથે હોમ મિશન વિશે સમજ આપવામાં આવી.
- ભજનસેવા બાદ શ્રી ઓનિલભાઈ એ. ગામડીઆ પરિવાર તથા શ્રી ફ્રાન્સિસભાઈ જી. ગોહિલ પરિવાર તરફથી સર્વને આઈસ્ક્રીમ આપવામાં આવી. આભાર.
- તા. ૨૮-૧૦-૨૦૧૮ રવિવારની ભજનસેવામાં 'બાર્તિમાય સન્ડે' ની ઉજવણી કતવામાં આવી. જેમાં ડાયરેકટર રેવ.જશવંત એચ.મેકવાન સાહેબ - સ્ટાફ - બાળકોએ હાજરી આપી. ડાયરેકટર સાહેબે વચનની સેવા તથા મિનિસ્ટ્રી વિશે સમજ આપી. બાળકોએ સુંદર ગીત ગાયા.
- સ્થાનિક ચર્ચ તથા સભ્યો તરફથી દાન આપવામાં આવ્યું.

  બાર્તિમાય ડાયરેકટર, સ્ટાફ, બાળકો, માટે સ્થાનિક ચર્ચ સભ્ય, શ્રી/શ્રીમતી રાજેશભાઈ આઈ. ક્રિશ્ચિયન, સ્મિતાબેન ક્રિશ્ચિયન પરિવાર તરફથી જમવાની વ્યવસ્થા કરવામાં આવી.  આભાર.

## HAPPY BIRTHDAY- NOVEMBER

| તા. | નામ | તા. | નામ | તા. | નામ | તા. | નામ |
|---|---|---|---|---|---|---|---|
| ૦૩ | ખ્રિસ્તી સુનિલ શંકરભાઈ | ૦૮ | શેલ્ડન વી. ક્રિસ્ટી | ૧૨ | કુમુદબેન એ. મસિહિ | ૨૦ | પ્રશાંતભાઈ એસ. ક્રિશ્ચિયન |
| ૦૪ | પરીખ બ્રેન્તીયસ ફિલીપભાઈ | ૦૮ | વાયોલેટ એન. ક્રિશ્ચિયન | ૧૩ | વિલ્સનભાઈ એ. પરીખ | ૨૧ | મણિબેન વી. ગોહેલ |
| ૦૫ | ઠાકોર સ્વીટી હિમાલયભાઈ | ૦૯ | પ્રશાંતભાઈ કે. ક્રિશ્ચિયન | ૧૭ | વેલ્સભાઈ એન. ક્રિસ્ટી | ૨૨ | રવિભાઈ એચ. ઠાકોર |
| ૦૫ | ગામડીઆ શાલીન એસ. | ૧૧ | રેજીનાબેન કે. ડેવિડ | ૧૭ | કોલીનભાઈ એસ. ડેવિડ | ૨૫ | મેઘા મેકવાન (U.K.) |
| ૦૬ | સુનિલભાઈ એ. વિન્સેન્ટ | ૧૧ | ખુશી કે. મહિડા (U.S.A) | ૧૭ | ડીન એચ. કુંજરાવીઆ (U.S.A.) | ૨૭ | સુસ્મિતા એન. પરીખ |
| ૦૬ | લીનાબેન એસ. માસ્ટર | ૧૨ | કિશોરકુમાર બી. વાઘેલા | ૧૯ | નિલેશભાઈ એસ. ક્રિશ્ચિયન | ૨૮ | માર્ગ્રેટબેન એન. ક્રિશ્ચિયન |
| ૦૬ | જોસ્ફીનબેન કે. વાઘેલા | ૧૨ | સુશીલાબેન એસ. ક્રિસ્ટી | ૧૯ | મોનિકાબેન એ. પેટ્રીક | ૩૦ | જેનેસીસ જીજ્ઞેશભાઈ દાસ |

## નવેમ્બર - ૨૦૧૮ કાર્યક્રમ

★ તા. ૪-૧૧-૨૦૧૮ પ્રથમ રવિવાર વી.બી.એસ. અર્પણ વિધિ

★ તા.૫-૧૧-૨૦૧૮ થી તા. ૧૦-૧૧-૨૦૧૮ વી.બી.એસ. વર્ગ

★ તા. ૧૧-૧૧-૨૦૧૮, વી.બી.એસ. સન્ડે

★ તા. ૨૫-૧૧-૨૦૧૮, Thanks giving Sunday

## જાહેરાત

- દર રવિવારની ભજનસેવામાં કુટુંબ સાથે હાજરી આપો.
- દર પ્રથમ બુધવારે પાલડી અને દર શુક્રવારે સાંજે ૮-૦૦ કલાકે ચર્ચમાં શાસ્ત્ર અભ્યાસ - પ્રાર્થના સંગતમાં હાજરી આપો.
- વી.બી.એસ. તથા ચર્ચ સેવાઓ માટે પ્રાર્થના કરશો.

## નાણાંકીય અહેવાલ  સપ્ટેમ્બર - ૨૦૧૮

| | | |
|---|---|---|
| તા.૦૧-૦૯-૧૮ની ઉઘડતી સિલક | રોકડ | ૭૦૦.૮૮ |
| | બેંક | ૩૩૧,૪૮૫.૬૬ |
| તા.૩૦-૦૯-૧૮ સુધીની આવક | | ૧૩૨,૭૯૭.૦૦ |
| | કુલ | ૪૬૪,૯૮૩.૫૪ |
| તા. ૩૦-૦૯-૧૮ ની બંધ સિલક | | |
| | રોકડ | ૨૧૨૩.૮૮ |
| | બેંકમાં | ૩૬૦,૪૦૩.૬૬ |
| તા.૩૦-૦૯-૧૮ સુધીનો ખર્ચ | | ૧૦૨૪૫૬.૦૦ |
| | કુલ | ૪,૬૪,૯૮૩.૫૪ |

શ્રી મનોજભાઈ સી. ચૌહાણ, ટ્રેઝરર

ખાસ સુચના : બુલેટીનમાં છાપવામાં આવતી વર્ષગાંઠ સબંધી કોઈપણ ફેરફાર કે ઉમેરો કરવાનો હોય તો તે અંગે પાળકને જાણ કરવા વિનંતી છે.

**વર્ષ દરમ્યાન સર્વ બુલેટીનનો ખર્ચ મંડળીના પ્રભુ પ્રેમી દાતા તરફથી મળે છે. - આભાર.**